મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને તેમની કોલેજમાં જ જરુરી ફોર્મ પુરા પાડી મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે સવલત પુરી પાડવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ જીસીઓ / ૧૫૧૧ / ૯૨૧ / ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ 29 [illegible] 2011

**વંચાણે લીધા-**

૧. સામાન્ય વહીવટ વિભાગના અ.સ.પત્ર ક્રમાંકઃઇએલઆર/૧૪૧૧/૯૬૧/છ, તા.૧૦/૨/૨૦૧૧

**પરિપત્ર-**

ભારતના ચૂંટણી પંચે ૨૫ મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાર દિન તરીકે જાહેર કરેલ છે, અને એ રીતે મતદારોમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા બાબતે અને મતદાન કરવા બાબતે જાગૃતિ આવે તેવા પ્રયત્નો હાથ ધરેલ છે. વિશેષ કરી યુવા મતદારોમાં આ અંગે જાગૃતિ આવે તે બાબત પર ચુંટણીપંચ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યુ છે. આ સંદર્ભમાં ચુંટણીપંચ તરફથી આપવામાં આવતા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન કોલેજો અને જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિધાથીઓને તેમની કોલેજમાં જ જરુરી ફોર્મ પુરા પાડી મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની કચેરી ધ્વારા સવલત પુરી પાડવામાં આવેલ છે.

ભારતના ચૂંટણી પંચની સુચનાઓનો અસરકારક અમલ કરી શકાય તે હેતુથી આગામી શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચે મુજબની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

(૧) કોલેજો /શૈક્ષણિક સંસ્થાઓમાં એક નોડલ ઓફિસરની નિમણૂંક આ હેતુ માટે કરવાની રહેશે. નિયુકત કરેલ નોડલ અધિકારીના નામ, સરનામું, તથા ટેલીફોન/મોબાઇલ નંબર આ વિભાગને, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર તેમજ સબંધિત જિલ્લા કલેકટરશ્રીને આપવાના રહેશે.

(૨) જયારે વિધાર્થીઓ પ્રથમ વર્ષનાં પ્રવેશ મેળવવા એડમીશન ફોર્મ ભરે ત્યારે આવા વિધાર્થીઓને ફોર્મ નં.-૬ આપવાની વ્યવસ્થા નોડલ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાની રહેશે. અને આવા વિધાર્થીઓ પાસેથી ફોર્મ-૬ ભરાવીને (ઉંમર તથા રહેણાંકના પુરાવા સાથે) મેળવી લેવાના રહેશે. ફોર્મ-૬ અગાઉથી જિલ્લા કલેકટરશ્રીની કચેરી પાસેથી મેળવી વિધાર્થીઓને પુરા પાડવાના રહેશે.

(૩) વિધાર્થીઓ પાસેથી મળેલા ફોર્મ-૬ ની પ્રાથમિક ચકાસણી નોડલ ઓફિસર ધ્વારા કરવાની રહેશે અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની વેબસાઇટ (www.ceogujarat.nic.in)ની મદદથી ઉપરોકત વિધાર્થીઓ પૈકી કોઇના નામ મતદાર યાદીમાં છે કે કેમ ? તે અચૂક ચકાસી લેવાનું રહેશે અને જે વિધાર્થીના નામ મતદાર યાદીમાં ન જણાય તેમના ફોર્મ આગળની કાર્યવાહી માટે કોલેજ જે જિલ્લામાં આવેલ હોય તે જિલ્લા કલેકટરશ્રીની ચુંટણી શાખામાં પત્ર (Forwarding Letter) સાથે રૂબરૂમાં પહોંચતા કરવાના રહેશે.

(૪) દરેક કોલેજ/શૈક્ષણિક સંસ્થામાં બીજા/ત્રીજા/ચોથા/અન્ય વર્ષમાં ભણતા વિધાર્થીઓનો મતદાર યાદી સબંધિત ડેટાબેઝ નોડલ અધિકારીશ્રીએ તૈયાર કરવાનો રહેશે અને આવા વિધાર્થીઓના નામો મતદાર યાદીમાં છે કે કેમ ? તે ઉપરોકત વેબસાઇટની મદદથી ચકાસવાનું રહેશે અને જે વિધાર્થીઓના નામ મતદાર યાદી જણાય નહી તેવા વિધાર્થીઓ પાસેથી ફોર્મ-૬ ભરાવીને (ઉંમર અને રહેઠાણના પુરાવા સાથે) પરત મેળવી લેવાના રહેશે અને આવા ફોર્મ આગળની કાર્યવાહી માટે કોલેજ જે જિલ્લામાં આવેલ હોય તે જિલ્લા કલેકટરશ્રીની ચૂંટણી શાખામાં રૂબરૂમાં પહોંચતા કરવાના રહેશે.

(૫) જે વિધાર્થીઓના નામ મતદાર યાદીમાં નોંધવા માટે કાર્યવાહી સારુ જિલ્લા કલેકટરશ્રીને મોકલવાના થાય તેની વિગતો આ સાથે બીડેલ પત્રકમાં નોડલ અધિકારી ધ્વારા ભરીને મોકલવાના રહેશે.

(૬) ઉપરોકત સઘળી કામગીરીની જવાબદારી કોલેજ/શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

(૭) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી તરફથી જિલ્લાવાર કોલેજોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં સરકારી, અનુદાનિત તથા ખાનગી (સ્વનિર્ભર) કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓને આવરી લેવાની રહેશે. આ યાદી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને દર વર્ષે ૩૦ મી મે, સુધી મોકલી આપવાની રહેશે.

(૮) ઉપરોકત વ્યવસ્થા ગોઠવવા તમામ સરકારી, અનુદાનપાત્ર, બિન અનુદાનપાત્ર તથા ખાનગી કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓએ જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

(૯) દરેક કોલેજો/શૈક્ષણિક સંસ્થાઓ સુવ્યવસ્થિત કામગીરી બજાવે તે અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,એ મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૦) લાયક વિધાર્થીઓની મતદાર યાદીમાં નોંધણી બાબત મુખ્ય નિર્વાચન

અધિકારીશ્રીની કચેરી તરફથી સમયાંતરે જે સુચનાઓ આપવામાં આવે તે કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ ધ્વારા સંબંધિતોને જરુરી કાર્યવાહી સારુ મોકલી આપવાની રહેશે.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓમાં સદરહુ સુચનાઓનુ ચુસ્તપણે પાલન થાય તેની તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે.

( નિકુંજ જાની )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- તમામ કલેકટરશ્રીઓ.
- આચાર્યશ્રી, સબંધિત કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓ (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- તમામ તાલુકા મામલતદારશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- વેબસાઇટ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

પરિપત્ર ક્ર: જીઆઓ/૧૫૧૧/૯૨૧/ખ, તા. ૨૯/૭/૨૦૧૧ સાથેનું બિડાણ-

# કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મતદાર યાદીમાં નામ નોંધવા અંગેની વિગતો દર્શાવતું પત્રક

કોલેજ/શૈક્ષણિક સંસ્થાનું નામ અને સરનામું :-

સંલગ્ન યુનિવર્સિટીનું નામ અને સરનામું:-

| ક્રમ | પ્રથમ/બીજા/અન્ય વર્ષના વિદ્યાર્થીનું પુરું નામ | વિદ્યાર્થીના રહેઠાણના ટપાલનું પુરુ સરનામું | વિદ્યાર્થીના રહેઠાણનો વિસ્તાર જેમા સમાવેશ થતો હોય તે વિધાનસભા મતવિભાગનો નંબર અને નામ | વિધાનસભા મત વિભાગનો ભાગ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

સ્થળ:-

તારીખ:-

નોડલ ઓફિસરનું નામ અને સહી